**આંક–૮**

# <u>ન્યાયાધીશશ્રી, મજુર અદાલત નં–૧ ભરૂચ સમક્ષ</u>

**ક્રિમીનલ કેસ નં–૭૩૧/૨૦૨૫**

**<u>ફરીયાદી</u>** : સરકાર વતી શ્રી આર.એસ. બ્રહ્મભટ્ટ
સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રા. મજુર નિરીક્ષક,
ભરૂચ.

**–:– વિરૂધ્ધ –:–**

**<u>આરોપી</u>** : (૧) પ્રશાંત તુમડી (ડાયરેક્ટરશ્રી)
(૨) રોક્ષુલ રોકવુલ ઈસ્યુલેશન ઈન્ડિયા પ્રા. લી.,
(સંસ્થા)
જી.આઈ.ડી.સી. દહેજ સેઝ–૧,
તા. વાગરા, જી. ભરૂચ–૩૯૨૧૩૦.

<u>ગુનો</u> : **કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ ની કલમ–૨૧(૪) ના ભંગ બદલ.**

## –:– <u>ચુકાદો</u> –:–

ઉપરોક્ત જણાવેલ આરોપીઓ સામે સરકારી શ્રમ અધિકારીશ્રી, ભરૂચનાએ ઉપર જણાવ્યા મુજબના ગુના માટે ફરીયાદ નોંધાવી છે. ત્યારબાદ આરોપીને સદરહુ ગુના માટે સમન્સ કાઢતા નામ. કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી. આરોપીએ તેમની સંસ્થાના કામદારને ઓથોરીટી આપતાં તેઓ હાજર રહેલાં અને તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે. જે **આંક–૭** થી રજુ છે અને સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીઓએ પ્રથમ તબક્કે સ્વેચ્છાએ કબુલાત કરી હોઈ તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉક્ત નિયમોના ભંગ બદલ **કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને**

**નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ ની કલમ–૨૧(૪)** મુજબ શિક્ષાને પાત્ર ગુનો તકસીરવાર ઠરે છે. આરોપીઓ સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાનું પ્રમાણ, આરોપીઓની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીઓનો પૂર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીઓને વધુ સજા ન કરતાં માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## –:- <u>આખરી હુકમ</u> –:-

આરોપીઓને તેઓ સામે **કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ ની કલમ–૨૧(૪)** ના ઉલ્લંઘન બદલ સદરહુ અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે દરેક નિયમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી દરેક આરોપીઓને દરેક નિયમના ઉલ્લંઘન બદલ **રૂ.૫૦૦ X ૧ X ૨ = રૂ.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)** નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ મુજબ સદર કામે કુલ **રૂ.૫૦૦ X ૧ X ૨ = રૂ.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪–૦૩–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**ન્યાયાધીશ, મજુર અદાલત, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર